


"હમણાં તો ભલે પધારો... ભલે પધારો જ ચાલે છે ને..?!"

"કેમ સાહેબ..?! કોની વાત કરો છો..?! કોણ પધારે છે..?! ને કોણ પધાર્યું છે..?!'

"કેમ... આજકાલ તો નાણાંપંચ ગુજરાતની મુલાકાતે છે..!! આખી ગુજરાત સરકાર સરભરામાં વ્યસ્ત બની ગઈ છે..!!"

"હા... આપણને જરા વધારે નાણાં ફાળવે ને..?! ગુજરાતનો વિકાસ વધુ થાય ને ઝડપી થાય..! એ જ સ્વાર્થ છે... સાહેબ..!!"

"હા... ભાઈ હા..! ૨.૩૭ લાખ કરોડ દેવું ગુજરાતને માથે છે... તોય ગુજરાતમાં નાણાંકીય વ્યવસ્થાપન સારૂ છે એવું નાણાંપંચ ક્યારે કે'..?! સરભરા સારી કરી હોય તો જ ને..?!"

"અરે..! આપ પણ થોડું સમજો..! વિકાસ ત્યારે જ થાય જ્યારે નાણાંકીય સુવિધાની ઉપલબ્ધિ વધતી જાય..! દુનિયાના કોઈપણ ઉદ્યોગ ધંધાના આંકડાઓ જુઓ.. દેવું કરવું જ પડે..! એટલા માટે આપણા પુર્વજો પણ કહેતાં કે દેવું કરીને પણ ઘી પીવો..! અર્થાત ગમે તેમ કરીને સુખ-શાંતિમાં રહો... સમૃદ્ધિ તરફ ગતિ કરો... એ જ લક્ષ્ય હોવું જોઈએ..!!"

"ના... ના... ભાઈ..! હું આમાં સહમત નથી... અમને તો અમારૂ દેશી અર્થશાસ્ત્ર એવું શીખવાડે છે..! ચાદર હોય એટલા જ પગ લાંબા કરાય..! આડેધડ ખર્ચાઓ કરવાથી... અણધડ આયોજનોથી... અને ઉડાઉ રીતભાતથી શું પરિણામો આવે છે એના ઉદાહરણો ઓછા છે..?!"

"હજુ તમે બહાર નહીં નીકળો... આ રૂઢિચુસ્ત માન્યતાઓમાંથી..!! તમને કેવી રીતે સમજાવવા એજ સમજાતું નથી..?!"

"જો... ભાઈ..!! અમારે ખોટા ખર્ચાની આર્થિક નિતીઓ નથી સમજવી..! અમને તો વાસ્તવિકતામાં રસ છે..!! તમે જ જુઓને... ગુજરાતમાં કેટ કેટલા તાયફા કર્યા પણ ઉદ્યોગો કેટલા આવ્યા..?! આંકડા તો જુઓ..!!"

"એટલે તમે વાયબ્રન્ટ ગુજરાતની વાત કરો છો..?!"

"હા... હા... હા..! વાયબ્રન્ટ ગુજરાત. જુઓ... ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલ જુઓ... વાયબ્રન્ટ નવરાત્રી જુઓ... અને આંકડા તો મેળવો..! ઉજવણીમાં કેટલા રૂપિયા ખર્ચાયા... અને એની સામે પ્રવાસીઓ અને રોકાણકારો ગુજરાતમાં કેટલા આવ્યા..?!"

"ના...ના..! આ તમારો તર્ક જ ખોટો છે..! વાયબ્રન્ટ સમીટથી ગુજરાતની પ્રતિષ્ઠા દુનિયાના ઉદ્યોગ જગતમાં કેટલી વધી એ જુઓ તો ખબર પડે..!"

"શું ધુળ જુએ..?! લાખો-કરોડો-અબજો... આંકડા ગણતા ના આવડે એટલા આંકડાના એમઓયુ થયા પછી ૫ થી ૬ ટકા રોકાણકારો જ જો ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપતા હોય તો... આને ધુમાડો ના કહેવાય તો શું કહેવાય..!?!"

"ખરેખર તમે પુર્વગ્રહથી પીડાઓ છો..! કેવું ધમધમતું ગુજરાત બની ગયું છે..?! વીસ વરસ પહેલાનું ગુજરાત જુઓ ને આજનું જુઓ..!!"

"ઓ હો હો હો..!! તમે તો ધાડ મારી જાણે..!! વિકાસ ગુજરાતનો સ્વભાવ છે... મારા અને તમારા વિકાસમાં સરકાર કરતાં આપણી જીવન પ્રત્યેની નિષ્ઠા વધારે જવાબદાર છે..! એવું જ ઉદ્યોગોમાં છે..! એવું જ સામાજીક ક્ષેત્રોમાં છે... બધામાં કંઈ સરકાર સરકાર ને સરકાર જ ના હોય..!!'.

"પણ... જો સરકાર અને સમાજ સાચી દિશામાં સહિયારો પુરૂષાર્થ કરે તો વિકાસનું નવું સ્વરૂપ અનુભવી શકાય..!! ખરૂને..?!"

"હા... સાહેબ... હા..!!"



વારસાઈ વ્યવસાય - બાળપણમાં જ વ્યવસાયનો વારસો પ્રગટતો હોય એવી આ તસવીરમાંથી અનેક પ્રશ્નો ઉભા થાય છે અને સળવળે છે... કેવું બાળપણ વેડફાઈ રહ્યું છે... રમવાનો સમય કેવી મજબૂરીમાં વેડફાય છે... નર્સરી, કે.જી.ની હાઈફાઈ શાળામાં ભણતા બાળકોની તુલનાએ ભારતનું બાળપણ કેવું બિચારૂ - બાપડુ બનીને તડકા - છાયડાની પરવા કર્યા સિવાય માર્ગ પર વ્યતિત થાય છે... કાળજી રાખવા માટે મા-બાપની પાસે સમય નથી... તો સમાજની તો વાત જ ક્યા... હજુ સમય વધારે વેડફાય તે પહેલા મજબુર બાળપણને મજબૂત બનાવવાની દિશામાં શાસન અને સમાજે સહચિંતન કરવું જોઈએ અને અમલની દિશામાં કદમ ઉઠાવવું જોઈએ...

# સરકારી આવાસ માટે તંત્રના ચોપડે બે હજારની પ્રતિક્ષા યાદી

**નવા આવાસો બાંધવામાં આવ્યા બાદ પણ હજુ અરજદારોની યાદી મોટી : સેકટરોમાં વધુ સરકારી મકાનો બાંધવાના મામલે હજુ સાઇટ નક્કી થતી નથી**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાના આક્રોશ વચ્ચે નવા આવાસો બાંધવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે કેટલાક મકાનો રીનોવેશન હેઠળ પણ છે. આવા સંજોગોમાં સરકારી ચોપડે આવાસ માટે અરજદારોની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. હાલની સ્થિતિએ તંત્રના ચોપડે ૨ હજાર અરજદારો આવાસ મેળવવાની પ્રતિક્ષા યાદીમાં છે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. જયારે સે-૭ અને સે-૨૯ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા બાદ કર્મચારીઓનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે હજુ સે-૩૦ માં નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. હાલ સેકટરોમાં અન્ય નવી ટાવર કોલોનીનુ નિર્માણ કરવા માટે જગ્યાનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. જયારે ટુંકમાં જ સ્થળ પસંદગી કરી આવાસોનુ કામ હાથ ધરવા માટે આયોજન કરી દેવાશે. શહેરના સેકટરોમાં સ્થિત નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ સેકટરોમાં ભયજનક મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે મોટાભાગના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ યોગ્ય ન હોવાથી તબક્કાવાર આ મકાનો તોડવા માટે મંજુરી લેવામાં આવી રહી છે. હાલ પણ સેકટરોમાં મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે.જયારે નવા મકાનો બાંધવા માટે સ્થળ પસંદગી માટે ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન કરી દેવાયુ છે. ટુંકમાં જ નવા આવાસો બાંધવા માટેની જગ્યા પણ નક્કી થઈ જશે. હાલ શહેરમાં રહેણાંક માટે સરકારી આવાસો પુરતા ન હોવાનો આક્રોશ

● અનુસંધાન પાન-૭ પર

# ધો-૯થી ૧ ૨ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર

**ધો -૧૦ અને ૧૨ ની માર્ચ ૨૦૧૯ માં લેવાનારી પરીક્ષા હાલની પધ્ધતિ મુજબ જ લેવાશે : હેતુલક્ષી પ્રશ્નો ૫૦ ના બદલે ૨૦ ટકા પુછાશે : આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ રહેશે**

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૯ ની જેમ ધો-૧૦ અને ૧૨માં પણ વર્ષ ૨૦૧૯થી એન સી ઈ આર ટીના પાઠયપુસ્તકોનો અમલ કરવામાં આવશે. જેના લીધે ધો -૯ થી ૧૨ ની પરીક્ષા પધ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં હેતુલક્ષી પ્રશ્નો ૫૦ ના બદલે ૨૦ ટકાના રહેશે. જયારે ૨૦ ગુણ આંતરિક મુલ્યાંકનના પણ રહેશ. ધો-૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષામાં માર્ચ ૨૦૧૯ માં લેવાનાર પરીક્ષા માટે હાલની જ પરીક્ષા પધ્ધતિ યથાવત રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંયુકત નિયામક બી એન રાજગોરના જણાંવ્યા મુજબ ધો -૯ થી ૧૨ ની પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળોઓમાં જુન ૨૦૧૮થી ધો-૯ માં ગણિત , વિજ્ઞાન અને ટેકનોલોજી, તેમજ અંગ્રેજી ઉપરાંત ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન જીવવિજ્ઞાન અને ગણિત તેમજ અંગ્રેજીના વિષયમાં એન સી ઈ આર ટી ના પાઠયપુસ્તકોનો અમલ કરવામાં આવી રહયો છે. જયારે આગામી જુન ૨૦૧૯થી ધો-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પણ એન સી ઈ આર ટી ના પાઠયપુસ્તકોનો અમલ કરવામાં આવનાર છે. જેના લીધે શિક્ષણ બોર્ડની ધો -૯ ની ૧૨ ની પરીક્ષા પધ્ધતિમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ થી ધો -૯માં પ્રથમ અને બીજી કસોટી ૫૦ અને વાર્ષિક પરીક્ષા ૮૦ ગુણની રહેશે. જેમાં હેતુલક્ષી, ટુંકા, લાંબા અને નિબંધલક્ષી પ્રશ્નોનો સમાવેશ થશે. હેતુલક્ષી પ્રશ્નો ૨૦ ટકા અને અન્ય પ્રશ્નો ૮૦ ટકા રહેશે. આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. જેમાં પ્રથમ અને બીજી કસોટીમાં મેળવેલ ગુણ , નોટબુક સબમિશન, અને સ્પીકીંગ અને લીસનીંગ ટેસ્ટનો પણ સમાવેશ થશે. જયારે વિદ્યાર્થીએ ઉત્તિર્ણ થવા માટે ૩૩ ટકા ગુણ મેળવવાના રહેશે. જયારે વર્ષ ૨૦૨૦ થી ધો-૧૦ ની બોર્ડ પરીક્ષામાં ૫૦ ટકા ઓ એમ આર પધ્ધતિના સ્થાને ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. જયારે બોર્ડની પરીક્ષામાં ધો-૧૦ માં ૭૦ ટકાના બદલે ૮૦ ટકાનો ગુણભાર રહેશે. જયારે ૨૦ ટકા આંતરિક મુલ્યાંકનનો સમાવેશ થશે. બોર્ડના ૮૦ ગુણના પ્રશ્નપત્રમાં ૧૬ ગુણ હેતુલક્ષી પ્રશ્નો, ૬૪ ગુણ ટુંકા, લાંબા પ્રશ્નો તેમજ નિબંધલક્ષી પ્રશ્નો માટે રહેશે. ધોરણ-૧૦ ની પરીક્ષામાં પણ ૨૦ ગુણ સર્વગ્રાહી મુલ્યાંકનના રહેશે. જયારે ધો-૧૧ માં વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ અને બીજી કસોટીના ૫૦ ગુણ અને વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણ રહેશે. અન્ય પ્રકારના પ્રશ્નો ૮૦ ટકા રહેશે. જયારે આંતરિક મુલ્યાંકનના પણ ૨૦ ગુણ રહેશે. કુલ ૨૦૦ ગુણના ૫૦ ટકા ગણતરી કરીને ૧૦૦ ગુણમાંથી મુલ્યાંકન કરવાનુ રહેશે. વિજ્ઞાનના વિષયના પ્રાયોગિક કાર્યના ગુણ માર્કશીટમાં અલગ દર્શાવાના રહેશે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વર્ષ ૨૦૨૦થી

● અનુસંધાન પાન-૭ પર

## શું શું ફેરફારો કરાયા

- શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ ૯માં પ્રથમ કસોટીના ૫૦ ગુણ, બીજી કટોસીના ૫૦ ગુણ અને વાર્ષિક પરીક્ષાના ૮૦ ગુણ રહેશે જેમાં તમામ પ્રકારના પ્રશ્નો જેવા કે હેતુલક્ષી પ્રશ્નો, ટુંકા પ્રશ્નો, લાંબા પ્રશ્નો, નિબંધલક્ષી પ્રશ્નો વગેરેનો સમાવેશ કરવાનો રહેશે. હેતુલક્ષી પ્રશ્નો ૨૦ ટકા રહેશે. અન્ય પ્રશ્નો ૮૦ ટકા રહેશે. આંતરિક મુલ્યાંકનના ૨૦ ગુણ રહેશે. સમગ્ર વર્ષ દરમિયાન પરીક્ષા અને આંતરિક મુલ્યાંકનના કુલ ૨૦૦ ગુણના ૫૦ ટકા ગણતરી કરીને ૧૦૦ ગુણમાંથી વાર્ષિક મુલ્યાંકન કરીને આગળ વધાશે. પાસ થવા ૩૩ ટકા ગુણ જરૂરી રહેશે
- શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯થી ધોરણ ૯માં શાળાકીય સર્વગ્રાહી મુલ્યાંકનના બદલે આંતરિક મુલ્યાંકન રહેશે જેના ૨૦ ગુણ રહેશે. પાંચ ગુણ પ્રથમ કસોટીના ગુણના આધારે, પાંચ ગુણ બીજી કસોટીના ગુણના આધારે, પાંચ ટકા ગુણ નોટબુકના આધારે, પાંચ ગુણ વિષય એનરીચમેન્ટ એકટીવીટીના આધારે રહેશે
- વર્ષ ૨૦૧૯-૨૦થી ધોરણ ૧૦ની માર્ચ ૨૦૨૦ની બોર્ડની પરીક્ષામાં ૫૦ ટકા એમસીક્યુ ઓએમઆર પદ્ધતિના બદલે ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે. ધોરણ ૧૦માં બોર્ડની પરીક્ષાનો ગુણભાર ૭૦ ટકાના બદલે ૮૦ ટકા રહેશે. આંતરિક મુલ્યાંકનના

● અનુસંધાન પાન-૭ પર

# બિનખેતી જમીન અને જમીનના કેસોની વિગતો હવે ઓનલાઈન કરવાની દિશામાં તંત્ર

**જિલ્લાના મહેસુલી અધિકારીઓને ડેટા-એન્ટ્રીની કામગીરી સમય-મર્યાદામાં પૂર્ણ કરવા તાકીદ કરતા કલેકટર**

ગાંધીનગર, તા. ૨૪

આગામી દિવસોમાં જિલ્લાની એન.એ. થયેલ જમીનો તેમજ જમીનોના કેસો અંગેની વિગતો જે ઓનલાઈન થવાની છે તે માટેની ડેટા એન્ટ્રીની કામગીરી સમય-મર્યાદામાં સંપન્ન થાય તે માટે જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ આજે તમામ મહેસુલી અધિકારીઓને કડક તાકીદ કરી હતી.

તેમણે આજે જિલ્લાના મહેસુલી અધિકારીઓની બેઠકને સંબોધતાં જણાવ્યું હતું કે જે સમય-મર્યાદામાં નિકાલ કરવા પાત્ર કેસો છે તેનો સમય-મર્યાદામાં જ નિકાલ થવો જોઈએ. જે કેસોનો નિકાલ હજુ બાકી છે તે અંગે અભિયાન સ્વરૂપે કામગીરી કરવા સૂચવ્યુ હતુ.

જિલ્લા કલેકટરે તુમાર નિકાલ, મહેસુલી નોંધ સહિતની કામગીરી સમય-મર્યાદામાં જ થવી જોઈએ તેવી સ્પષ્ટ લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે ટેકનોલોજીનો ઉપયોગ કરો અને કામનું સરળીકરણ કરી પ્રજાભિમુખ બનો.

તેમણે ભલામણની કામગીરી સઘન કરવા ઉપરાંત અમલીકરણ વિશે પણ સતર્ક થઈ અને સોશ્યલ મિડિયાનો ઉપયોગ સાથે તમારી કચેરીના કોન્યુનિકેશન પ્લાન તૈયાર કરી પરિસ્થિતિ પર નજર રાખો તે જરૂરી છે.

સરકાર દ્વારા અગ્રતા અપાયેલ મુદ્દાઓ તેમજ યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે જોવા સાથે કામગીરીના માપદંડોમાં ટેકનોલોજીના માધ્યમથી સુધાર લાવવો તે સમયની માંગ છે.

આજની આ બેઠકમાં મહેસુલને લગતા ૩૦થી વધુ મુદ્દાઓને લઈ કચેરીની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત અધિક નિવાસી કલેક્ટર જાડેજા, પ્રાંત અધિકારી ગાંધીનગર-કલોલ તેમજ ચારેય તાલુકાના મામલતદારો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ૪થી ઓગષ્ટે ચિંતન શિબિર યોજાશે

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીની ચિંતન શિબિર ૪થી ઓગષ્ટના રોજ યોજાશે. એક દિવસીય ચિંતન શિબિરના આયોજનની તૈયારીઓ કલેક્ટર કચેરીમાં આરંભાઈ છે.

આ ચિંતન શિબિર ગાંધીનગર-માણસા તાલુકામાં યોજાશે. જોકે સ્થળની પસંદગી એકાદ-બે દિવસમાં આખરી થશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

આ ચિંતન શિબિરમાં તંત્રને પ્રજાભિમુખ બનાવવામાં ખૂટતી કડીઓ તેમજ વહીવટીય પદ્ધતિમાં ટેકનોલોજીના ઉપયોગ સહિતના વિષયો પર ચિંતન કરાશે તેમ જાણવા મળેલ છે.

**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
- ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે
- બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
- ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ
- ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે.
- ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે.
- બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.** ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

THE SPACE
9328801440
9328701440

# આજે મહાત્મા મંદિર ખાતે મતદાર સાક્ષરતા ક્લબનો રાજ્યકક્ષાનો સેમિનાર

ગાંધીનગર, તા. ૨૪

આજે મહાત્મા મંદિર ખાતે મતદાર સાક્ષરતા ક્લબનો રાજ્યકક્ષાનો આખા દિવસનો સેમિનાર યોજવામાં આવ્યો છે.

મતદાર જાગૃતિ માટે કેન્દ્રીય ચૂંટણી પંચે તમામ વિધાનસભા વિસ્તારોની મતદાર સાક્ષરતા ક્લબની સ્થાપના કર્યા બાદ હવે પ્રથમવાર રાજ્યકક્ષાનો આ સેમીનાર યોજવામાં આવી રહ્યો છે.

આ મતદાર સાક્ષરતા ક્લબનો મુખ્ય હેતુ મતદાર જાગૃતિ ઉપરાંત મતદાન કરવા અને મતદાર બનવાના મુદ્દે જાગૃતિ ફેલાવવાનો છે. આ સેમિનારમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા ઉપરાંત સંયુક્ત ચૂંટણી અધિકારી લલિત પાડલિયા, અધિક સંયુક્ત ચૂંટણી અધિકારી અશોક માણેક, જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા સહિતના અધિકારીઓ હાજર રહેનાર છે. આ સેમિનારમાં પંચના ખાસ આઈકોન્સ જે નિમાયા છે તેઓ પણ હાજરી આપનાર છે. આમાં ૧૦૦થી વધુ પ્રતિનિધિઓ હાજર રહેશે અને તેમને આ ક્લબ તેમજ મતદાર જાગૃતિ અંગેની ખાસ તાલિમ આપવામાં આવશે.

કેન્દ્રીય ચૂંટણી પંચે મતદાર જાગૃતિના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને લઈ આ મતદાર સાક્ષરતા ક્લબોની સ્થાપના દરેક રાજ્યમાં અને વિધાનસભા વિસ્તારોને આવરી લઈ કરવાનો નિર્ણય કર્યો છે. આ તાલિમ બાદ જિલ્લાકક્ષાએ આવા સેમિનારો ડિસેમ્બરના અંત સુધીમાં યોજવામાં આવશે.

આ સેમિનારમાં દિવ્યાંગ મતદારો, એન.જી.ઓ., એન.એસ.એસ.ના પ્રતિનિધિઓ હાજરી આપનાર છે.

### ગાંધીનગર જિલ્લામાં ૩૨૨ મતદાર ક્લબ છે

ગાંધીનગર જિલ્લામાં ૩૨૨ મતદાર ક્લબ હાલના તબક્કે કાર્યરત કરવામાં આવી છે જેમાં આગામી વર્ષે વધારો થશે. જિલ્લામાં જે ૩૨૨ ક્લબ છે તેમાં ગાંધીનગરમાં ૧૩૧, માણસા-૬૫, કલોલ-૫૪ અને દહેગામમાં ૭૨ ક્લબો હાલ કાર્યરત કરાઈ છે.

# જિલ્લાના ૯ પ્રા.આ. કેન્દ્રો અને ૪ સબ સેન્ટર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તરીકે ડેવલપ કરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં નવ પ્રા.આ. કેન્દ્ર અને ૪ સબ સેન્ટરોને આગામી ૧૫મી ઓગષ્ટથી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં રૂપાંતરિત કરવામાં આવશે.

ભારત સરકારના આરોગ્યલક્ષી સેવાઓને ગુણવત્તાસભર બનાવવા ઉપરાંત નાના-નાના કેન્દ્રો પર પણ દરેક પ્રકારની સેવાઓ ઉપલબ્ધ બને તે હેતુસર આ વર્ષે પ્રારંભિક તબક્કામાં નવ પ્રા.આ. કેન્દ્ર અને ૪ સબસેન્ટરની પસંદગી કરવામાં આવી છે. આ કેન્દ્રોમાં એન.સી.ડી.સેલની સેવાઓ ઉપલબ્ધ થશે.

જે નવ પ્રા.આ. કેન્દ્રોની પસંદગી કરવામાં આવી છે તેમાં કલોલના અર્બન પી.એચ.સી. ઉપરાંત ઉનાવા, પ્રાંતિયા, મોખાસણ, રાંચરડા, બિલોદ્રા, પુંધરા, બહિયલ અને સાંપાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત જે ૪ સબસેન્ટરની પસંદગી કરવામાં આવી છે તેમાં પીંપળજ, આલમપુર, દેલવાડા અને લોદરાનો સમાવેશ થાય છે.

ગ્રામ સ્વરાજ્ય અભિયાન અંતર્ગત આયુષ્યમાન ભારત તેમજ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો કાર્યરત કરવામાં આવી રહ્યા છે. આ સેન્ટરો પર યોગા તેમજ ઋતુચક્ર વિશે પણ વિશેષ જાણકારી આપવાનું આયોજન હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આરોગ્યતંત્ર દ્વારા આ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર માટે બ્રીજકોર્સ કરી આવેલ એમ.એસ.પી.એચ.ની નિમણુંકો પણ કરી દેવામાં આવી છે. આ માટેની જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ ગઈ છે એટલુ જ નહિ આગામી ૨૭મીએ રાજ્યકક્ષાએ તૈયારીઓની સમીક્ષા પણ હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

**ROOPKALA**
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com